# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૪૭૨ /૨૦૧૬
## તા. ૧૪/૦૩/૨૦૧૬

હું, શિવાનંદ ઝા **IPS**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવેલ "વિશ્વ હિંન્દુ પરિષદ કાર્યાલય" (V.H.P.), R.S.S. કાર્યાલય,વાઇટલ ઇન્સ્ટોલેશન અને કોન્સ્યુલેટ ઓફીસની સુરક્ષાને ધ્યાનમાં લઇ તેની આજુબાજુના વિસ્તાર/રસ્તાઓને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં ભુતકાળમાં થયેલ આંતકવાદી હુમલાઓમાં ઉપયોગમાં લેવાયેલ હુમલાની પદ્ધતિઓમાં ટાર્ગેટની આજુબાજુના વિસ્તારમાં સાયકલ, મોટર સાયકલ, સ્કુટર, ફોર વ્હીલ વાહનો વિગેરેમાં બોમ્બ લગાવી આવા વાહનો ટાર્ગેટની નજીકમાં બિનવારસી હાલતમાં પાર્ક કરી દેવામાં આવતા હોય છે. આ બાબત સુરક્ષાની દ્રષ્ટીએ ખુબ જ જોખમરૂપ હોઇ અમદાવાદ શહેરમાં આવેલ નીચે જણાવેલ "વિશ્વ હિંન્દુ પરિષદ કાર્યાલય" (V.H.P.), R.S.S. કાર્યાલય,વાઇટલ ઇન્સ્ટોલેશન અને કોન્સ્યુલેટ ઓફીસની આસપાસ આવેલ તેની નીચે જણાવેલ આજુબાજુના દર્શાવેલ વિસ્તાર/રસ્તાઓ **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

**(૧) <u>પાલડી ખાતે આવેલ વિશ્વ હિન્દુ પરિષદ (V.H.P.) કાર્યાલય</u> :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

a. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ વચ્ચે ચાર રસ્તાથી એ.વી.કોમ્પલેક્ષ ચાર રસ્તા સુધીનો રોડ,૯ મહાલક્ષ્મી સોસાયટીના બંગલાના મુખ્ય રોડના છેડા સુધી

b. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ ચાર રસ્તાથી અનીસા એપાર્ટમેન્ટ "ટી" સુધી

c. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ થી શિવાલીક-૫ ના ખુણા સુધી

d. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ થી સાલવલ એપાર્ટમેન્ટના ખુણા સુધી

**(૨) <u>R.S.S. કાર્યાલય ડૉ. હેગડેવાર ભુવન,જુના ઢોર બજાર, મણિનગર, અમદાવાદ શહેર</u> :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

ગોરધનનગર સોસાયટીના મકાન નંબર ૧૦/બી થી મકાન નંબર ૧૫/બી થઇ ગોરધનનગર સોસાયટીના મુખ્યગેટ સુધીનો રોડ તથા ગોરધનનગર સોસાયટી મુખ્યગેટથી બળીયાકાકાની ચાલી સુધીનો રોડ. (બળીયાકાકા માર્ગ ઉપર)

**(૩) <u>યુ.એસ. વિઝા ફેસીલીટેશન સર્વિસ સેન્ટર, ગુજરાત ચેમ્બર્સ બિલ્ડીંગ, શ્રી અંબિકા મીલ્સ, આશ્રમ રોડ, એલીસબ્રીજ, અમદાવાદ શહેર</u> :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

રત્ના બિઝનેશ સ્કેવર આશ્રમ રોડ સામેથી પેલીકન બિલ્ડીંગની દિવાલ પાસે થઇ ગુજરાત અર્બન કો.ઓ.બેન્ક ફેડરેશન સુધીનો રસ્તો.

(૪) **Consulat General De France A Bombay**, B/S, Food Corporation of India, Himali Tower Lane, Manekbaug Shyamlal Cross Road, Satellite, Ahmedabad.

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

માણેકબાગ આંગન એપાર્ટમેન્ટના ગેટ સામેથી ફુડ કોર્પોરેશન ઑફ ઇન્ડીયા રીજનલ ઓફીસ થી સોનેટ એપાર્ટમેન્ટ થઇ અલીઓન્ઝ ફ્રેન્કોઇઝના સામે થઇ આલાપ-૩ ના ગેટ સુધીનો રસ્તો.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૫/૦૩/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૪/૦૩/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૧૪/૦૩/૨૦૧૬
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**<u>નકલ રવાના :-</u>**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ.......................................... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)